# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-09-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## કેન્દ્રીય રેલવે મંત્રી ભારત-ભુટાન રેલ પરિયોજના

ભારત અને ભૂટાન કુલ ચાર હજાર ૩૩ કરોડ રૂપિયાના ખર્ચે સરહદપાર બે રેલવે સંપર્ક પરિયોજના સ્થાપિત કરવા સંમત થયા છે. જેમાં કોકરાઝાર-ગેલેફુ અને બનારહાટ-સમત્સેનો સમાવેશ થાય છે.

નવી દિલ્હીમાં એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પરિયોજના ભૂટાનના બે શહેરો ગેલેફુ અને સમત્સેને જોડશે. તેમણે કહ્યું કે, આ બંને પરિયોજના ભારતીય રેલવે નેટવર્કથી આસામના કોકરાઝાર અને પશ્ચિમ બંગાળના બનારહાટમાં શરૂ થશે. શ્રી વૈષ્ણવે ઉમેર્યું હતું કે કોકરાઝાર-ગેલફુ વચ્ચેનો લગભગ 69 કિલોમીટર લાંબો રેલવે માર્ગ ત્રણ હજાર 456 કરોડ રૂપિયાના ખર્ચે બનાવાશે, જ્યારે 20 કિલોમીટર લાંબી બનારહાટ-સમત્સે રેલવે પરિયોજના 577 કરોડ રૂપિયાના ખર્ચે બનાવાશે.

**-------------------------------------------------------------------------------------**

## મુખ્યમંત્રી : ઉચ્ચ સંગઠન સંવાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિવિધ વેપારી સંગઠન, ઉદ્યોગકાર અને ઉદ્યોગ સંગઠન સાથે ઑનલાઈન માધ્યમથી સંવાદ કર્યો. વસ્તુ અને સેવા કર – **GST** બચત ઉત્સવ અને સ્વદેશીનો વ્યાપ વધારવા હેતુથી યોજાયેલા સંવાદમાં સુરતથી વેપાર અને ઉદ્યોગ મહામંડળના હોદ્દેદારો પણ જોડાયા હતા. શ્રી પટેલે **GST** ઘટાડાનો લાભ સામાન્ય નાગરિકને મળે અને નાગરિકો બચત ઉત્સવનો લાભ લઈ શકે તેવું આહ્વાન કર્યું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજ્યમાં લોકો રોજિંદા જીવનમાં વધુ સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરે અને વિદેશી ઉત્પાદનો પરની નિર્ભરતા ઘટાડે એવું વાતાવરણ બનાવવા રાજ્યના ઉદ્યોગ સંગઠનોને અનુરોધ કર્યો.

**------------------------------------------------------------------------------------------------**

## રાજ્ય : GSRTC દ્વારા બસ સંચાલન

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – **GSRTC** દ્વારા આ દિવાળી નિમિત્તે બસના વધારાના બે હજાર 600 ફેરાનું સંચાલન કરાશે. તેનાથી રાજ્યના પાંચ લાખથી વધુ મુસાફરોને લાભ થશે. સત્તાવાર યાદી મુજબ, લોકો પોતાના વતનમાં દિવાળીની ઉજવણી કરી શકે તે હેતુથી વધારાની બસ આગામી 16થી 19 ઑક્ટોબર સુધી દોડાવાશે.

**------------------------------------------------------------------------------------------------**

## કચ્છ : નવરાત્રિ પર્વ : હોમહવન

પ્રધાનમંત્રી  આજે હવાનાષ્ટમી પર્વ સાથે નવરાત્રિ પર્વ સમાપન તરફ જઈ રહેલ છે. આજે વિવિધ મંદિરોમાં હોમ હવનના કાર્યક્રમો યોજાશે. પૂર્વમાં પ્રખ્યાત યાત્રા ધામ રવેચી માતાજીના સ્થાનકે આજે હવનવિધિ સાથે નવરાત્રિ પર્વનું સમાપન થશે. દરમ્યાન પશ્ચિમ માં આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢ ખાતે ગઈ મોડી રાત્રે હવનવિધિ સંપન્ન થઈ હતી. જાગીર અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે હવનમાં બીડું હોમવા**માં આવ્યું હતું.**

હજારો ભાવિકોએ માતાજીના જયઘોષથી વાતાવરણ ગજવી મૂક્યું હતું  ભુજના આશાપુરા મંદિરમાં પણ હવન યોજાયો હતો. માતાના મઢ ખાતે આજે સવારે રાજવી પરિવાર વતી પરંપરા અનુસાર માતાજીને પતરી ચડાવવાની વિધિ થશે એ સાથે નવરાત્રિનું સમાપન થશે.

**------------------------------------------------------------------------------------------------**

## કચ્છ : માંડવી : હરીનગર ગરબી

**બંદરીય શહેર માંડવીના હરીનગરમાં ભગવાન મહાદેવ મંદિરના પટાંગણમાં ઉમા હરી ગરબી મંડળ દ્વારા વર્ષોથી પરંપરાગત રીતે નવરાત્રિ મહોત્સવ ઉજવવામાં આવે છે. આ પર્વ દરમિયાન મહિલાઓએ જાણીતા ભજનિક કીર્તિદાન ગઢવીના કંઠે ગયાયેલા ઓપરેશન સિંદૂરના ગરબા પર રાસની રમઝટ બોલાવી ભક્તિ અને શક્તિની એકતાના દર્શન કરવામાં આવ્યા હતા. નવરાત્રિના અધ્યક્ષ નટુભા જાડેજાના નેતૃત્વમાં અગ્રણીઓ તેમજ મહિલા મંડળના સભ્યો દ્વારા નવરાત્રિ ઉત્સવ માટે જહેમત ઉઠાવાઇ રહી છે.**

**---------------------------------------------------------------------------------------**

## <u>રાજ્ય : હવામાન</u>

હવામાન ખાતાએ રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી કરી છે. ત્યારે આગામી ચાર દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને પણ પાંચ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાને નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**---------------------------------------------------------------------------------------**

## <u>કચ્છ : સ્વચ્છતા હી સેવા – 2025 ઉજવણી</u>

સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનાં ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન તા.૨ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી “સ્વચ્છતા હી સેવા-૨૦૨૫” પખવાડિયાની ઉજવણી કરાશે. ત્યારે આ ઉજવણીના ભાગરૂપે કચ્છના બેરાજા, કણખોરી, મીઠી રોહર, ગોડપર, સરલી, વીંજાણ રાજપર, સંઘડ, સહિતના ગામડાઓમાં રોડ-રસ્તા, ધાર્મિક અને પ્રવાસન સ્થળો, નદી, તળાવો, ગામના એન્ટ્રી પોઈન્ટ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું.

**---------------------------------------------------------------------------------------**

## <u>કચ્છ : ગાંધીધામ : રોજગાર મેળો</u>

આદિપુર તોલાણી સરકારી કોમર્સ કોલેજ, ગાંધીધામ ખાતે સાંસદ વિનોદ ચાવડા તથા ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીની ઉપસ્થિતિમાં ૧ ઓક્ટોબરના બુધવારના સવારે ૧૦ કલાકે રોજગાર મેળાનું જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભુજ દ્વારા આયોજન કરાયું છે.

-----------------------------------------------------------------------------------

## કચ્છ : ભુજ : એમ્બ્યુલન્સ લોકાર્પણ

કચ્છ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મનીષાબેન વેલાણી અને તેમજ કારોબારી સમિતિના અધ્યક્ષ તેમજ અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં જિલ્લા મથક ભુજ ખાતે કુલ ૯ આરોગ્ય એમ્બ્યુલન્સને લીલીઝંડી આપી નાગરિકોની સેવામાં અર્પણ કરવામાં આવી હતી.

-----------------------------------------------------------------------------------